# સત્યનો પ્રેમ

એક વખત ત્રણ વિદ્વાનો રાજા પાસે આવ્યા. રાજાને એવો નિયમ હતો કે વિદ્વાનની વિદ્વત્તા પ્રમાણે તેનો સત્કાર કરવો.

આ દરેકની પણ યોગ્યતા જાણવા માટે રાજાએ તેમને પ્રશ્ન પૂછ્યો :

'હે વિદ્વાનો ! મારે તમને શી રીતે ઓળખવા ?'

એક વિદ્વાન બોલ્યો : 'હે રાજા ! હું સત્યનો ઉપાસક છું. સત્ય શું છે તે હું જાણું છું !'

બીજા વિદ્વાને કહ્યું : 'હે રાજા ! સત્ય શું છે એ હું જાણું છું, પણ તે ઉપરાંત એના પ્રત્યે પ્રીત ધરાવું છું !'

ત્રીજા વિદ્વાને પોતાની ઓળખાણ આપતાં કહ્યું : 'હે રાજા ! સત્ય શું છે તે હું જાણું છું. તેના ઉપર પ્રીત પણ ધરાવું છું અને તે ઉપરાંત, મને સત્યમાં જ આનંદ મળે છે. આનંદ ને સત્ય એ બંને મને એક લાગે છે !'

રાજાએ આ ત્રીજા વિદ્વાનને સૌથી મહાન ગણીને તેનો તે પ્રમાણે સત્કાર કર્યો.

એ જોઈને પેલા બે વિદ્વાનો ગુસ્સે થઈ ગયા. રાજાએ તેમને કહ્યું : 'હે વિદ્વાનો ! સત્ય જાણવું બહુ સહેલું છે. મૂરખમાં મૂરખ પણ જાણતો હોય છે કે સત્ય તો આ છે, પણ તે પ્રમાણે ચાલવાની એનામાં હિંમત હોતી નથી.

'એ હિંમત તો એ માણસ બતાવે છે, જે સત્યને ચાહે છે. કેવળ સત્ય જાણનાર કરતાં એ વધે.

'ગમે તે દિશામાંથી સત્ય આવે, અને તે ગમે તે પરિણામ લાવે, છતાં સત્યને જ વળગી રહેવાની શક્તિ તો તેનામાં હોય છે, જે સત્યને અને આનંદને એકરૂપે જોવાની ટેવ પાડે છે. હું તમને એક દૃષ્ટાંત આપું તો મારી વાત વધુ સ્પષ્ટ થશે :

કોઈ માણસ કૂવામાં પડયો હોય તો દયાથી પ્રેરાઈને તેને જોવા માટે ઘણા દોડશે.

દયા કરતાં પણ કેવળ કુતૂહલથી જોનારા વધારે સંખ્યામાં હશે.

પણ જે તરવૈયો હશે, તે જ માત્ર પેલા માણસને બચાવવા કૂવામાં ઊતરશે.

અને છતાં જે તરવૈયો હશે, ને આ કામમાં કામની ખાતર જેને આનંદ નહિ આવતો હોય, તે પૈસા લીધા વિના વખતે નહિ પણ ઊતરે.



પણ જે પરદુઃખ જોઈને દ્રવી જવાની ટેવવાળો જ છે, જેની શક્તિ થઈ ગઈ છે માત્ર તે માણસ જ એકદમ, કચ્છો વાળીને અંદર ઝુકાવશે.

એમ જેને સત્યમાં જ આનંદ દેખાય છે, તે જ સત્યને ગમે તેવી સ્થિતિમાં જાળવી રાખશે.

બીજા માટે એ ગડમથલનો પ્રશ્ન હશે.

આ રીતે મેં તમારી ઉપાસનાને માપી છે

('પ્રેરક વાર્તાઓ' માંથી)

■